# વાયડામિત્ર

વર્ષ : ૧૦૦ ફેબ્રુઆરી- ૨૦૨૨ અંક : ૨
કિંમત રૂા. ૩૦/- (વાર્ષિક)



Rangoli By Yatra Parikh

*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










- Shree Vayad Construction Corporation, Mumbai
- Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai
- Shree Vayad Developers, Nasik.
- Shree Vayad Engineering, Nasik
- Shivshakti Construction, Amravati

Trupti Rajendra Shah
Rahul Shah
Bipin Shah
Geeta Shah
Dhaval Shah
Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East),
Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા - માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**ફેબ્રુઆરી - ૨૦૨૨, પ્રત-૧૧૨૬, વર્ષ-૧૦૦, અંક-૨**

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |

**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી-૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,
પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧-એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,
જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭
Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮ ઈ-મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂા.૩૦/-(સામાન્ય), રૂા.૧૦૦૧/-(આજીવન), રૂા.૨૫૦૧/-(પેટ્રન), **વિદેશમાં :** રૂા. ૫૦૦૧/-

સુજ્ઞ જ્ઞાતિજનો, એપ્રિલ, ૨૦૨૧ થી વાયડામિત્રમાં આપવામાં આવતી જા.ખ.ના બિલ તથા પેમેન્ટ, ભેટની રસીદ વોટ્સએપ અથવા ઈ-મેલ દ્વારા જ મોકલવામાં આવશે.

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust
Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.
Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

શ્રી નીલાબહેન હરીશભાઈ પરીખ પરિવાર (થાણે, મુંબઈ)ના  જય શ્રી કૃષ્ણ.



## મેઘધનુષ

સોનેરી આકાશે સૂર્યના કિરણોની પીંછીથી,
અર્ધવલયમાં રચ્યુ મને,
કાશ આભને પણ ચિત્ર દોરવાનું મન થયું હશે,
અને નવલખા હારની ભેટ આપી હશે....

બાળકો ને મન અજાયબી,
ચપટીક વિષમય આંખમાં આંજીને મને નિરખતાં,
નાની નાની મુઠ્ઠીઓમાં,
મને પકડવા ધમપછાડા કરતા,
પછી કાગળ પર કેદ કરી જાણે,
જીત થઈ હોય તેમ હરખતાં...

વ્હાલમની યાદમાં કે સાથમાં મનમાં રચાતું,
વિવિધ લાગણીઓની
હારમાળાનું એ મેઘધનુષ,
મન-હૃદય ને કેવું ઠારે છે...

જાણે સાબુથી ધોયલાં; નિચોવી, ધોળાં ધબ્બ થયેલાં,
મનને રંગીન રાખવાનું શિખવતું આ મેઘધનુષ,

ઈચ્છાઓ, સપનાઓ અને લાગણીઓના સથવારે,
કોક ને પ્રેમ આપી ને કે કોક ના પ્રેમ થી ભીંજાઈને,
કોક ના મન-હૃદય માં નવલું મેઘધનુષ રચી શકું,
એવી જ એક આશ સાથે...

– ડો. રાકેશ પરીખ
મો. ૯૮૨૫૩ ૪૬૮૨૭

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

# ગઝલ : ભીતર અનહદ વરસે (ગઝલ)



ભાવભવનમાં ફુલશય્યા પર,
તું જ અનંત બિરાજે;
મંનમહલને રૂપહિંડોળે,
દીપ દિંગત પ્રકાશે ! (૧)

તું જ હૃદય પર રાજ કરે કે,
નયના હરપલ તરસે;
દૂર છતાં, અંતરતલ રાજે,
ભીતર અનહદ વરસે ! (૨)

તું ભીતર, હું બાહર બેસી,
વાટ નિહાળું તારી !
વરસોની સંતાકુકડીમાં,
પામું ના ગિરધારી ! (૩)

શ્વાસે શ્વાસે તું ધબકેને,
કંઠે માલા તુલસી;
કોઈ ન પામે લીલા તારી,
રહું ચરણને સ્પર્શી! (૪)

બાહર આવી દરશન દઈ દે;
નાખ બધું યે તોડી !
આખર શ્વાસે, ચાલ મળી લે;
આવ, હવે તું દોડી ! (૫)

– ઉપેન્દ્ર શેઠ "શકુંત"

દીપક કાંતિલાલ ઝવેરી (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

# ‘83’ અને ક્રિકેટ નોસ્ટાલ્જીયા



**૨૫ જૂન, ૧૯૮૩ - તારીખ નહીં, ઇતિહાસ છે.** એ દિવસ હતો જ્યારે 11 જણે નેપોલિયનના શબ્દો સાચા પાડ્યા હતાં – ‘અસંભવ જેવું કશું હોતું નથી.’ ભૂતકાળ ગમે તેટલો ભવ્ય હોય પણ અગત્યનો તો વર્તમાન જ છે. ઘણા મિત્રોએ મને કહેલું – રણવીરસિંઘનું ‘83’ જોઈ આવો પણ મેં મારી 25 વર્ષની આંખે કપિલનું ‘83’ જોયું હતું – તદ્દન વાસ્તવિક અને એકદમ ઓરીજીનલ ‘83’.

ફિલ્મમાં રણવીર કપિલ બનીને આવ્યો પરંતુ વેસ્ટઈન્ડીઝ સામેના યુદ્ધમાં લોર્ડઝ પર હરિયાણા હરિકેન કપિલ સાચા અર્થમાં ‘રણવીર’ સાબિત થયેલો.

મને યાદ છે એ દિવસ ટોકરશાની પોળમાં અમે મેચ જોવા માટે સ્વ. રજનીકાન્તમામા (ઘંટીવાળા)ને ઘેર ગયેલા. તેમનો સ્વભાવ બહારથી કડક પણ અંદરથી નિર્મળ હતો. અમારી ક્રિકેટપ્રિયતા જોઈને અમને ઘેર ઉપરના માળે બ્લેક એન્ડ વ્હાઈટ ટેલિવિઝન પર પ્રસારિત થતી મેચો જોવા દેતા અને આ અગત્યની ફાઈનલ મેચ હતી. ભારત ક્યારેય ફાઈનલ સુધી પહોંચી શકેલું નહીં. એટલે ક્રિકેટપ્રેમીઓમાં જબરદસ્ત ઉત્સુકતા હતી.

તે સમયે ટેલિવિઝન નવું હતું અને પોળમાં બહુ ઓછાને ઘેર ટેલિવિઝન હતા. ટીવીની લોકપ્રિયતાની શરૂઆત 1982 માં એશિયાડ વખતે થયેલ પરંતુ 1984 માં લોસ એન્જલસ ઓલિમ્પિક સમયે તે ખૂબ જ વધી ગયેલ. આ લખનારના ઘરે પણ 1984 માં ટી.વી. આવેલું. આજે જન્મીને તરત જ લકઝરી મેળવી લેતા બાળકોને ઘણી નવાઈ લાગશે.

વેસ્ટઈન્ડીઝ માટે 183 રન કરવા ખૂબ જ આસાન હતા અને હિન્દુસ્તાનમાં લગભગ બધાંએ જ હાર સ્વીકારી લીધી હતી. પ્રુડેન્શીયલ વર્લ્ડકપ જીતી શકાશે એવો આશાવાદ કપિલ સિવાય ક્યાંય નજરે ચઢતો ન હોતો. મદનલાલે જ્યારે તે ઓવર શરૂ કરી ત્યારે કપિલ પરથી આખા દેશનું માન ઊતરી ગયું હતું. મદનલાલે જીદ કરીને કપિલ પાસે ઓવર માંગેલી. કપિલ કેપ્ટન હતો પરંતુ

જુનિયર ખેલાડી હતો. મદનલાલની બોલિંગ વિવિયન રિચાર્ડસે વર્લ્ડકપમાં નિર્દયતાથી ઝૂડેલી પરંતુ અતિ ઉત્સાહમાં છગ્ગો ફટકારવા માટે જે ઊંચો શોટ મારેલો તે કપિલે ઊંધા દોડીને પ્રેક્ષકોની ચિચિયારીઓ વચ્ચે પકડી લીધેલો. વોટ અ કેચ ! રીચાર્ડસ હતપ્રભ બની ગયો હતો. પોતે આઉટ થઈ ગયો છે તે માનવા તૈયાર ન હતો. થોડીક ક્ષણો પછી ચિત્કારો શરૂ થયા.

એક સમયે એમ લાગતું હતું કે 183 રનનો મામૂલી જુમલો ગ્રીનીજ, રીચાર્ડસ અને લોઈડ – ત્રણ ખેલાડીઓ જ વટાવી દેશે અને ભારત મોટા માર્જીનથી હારી જશે. એ વર્લ્ડકપમાં વિવિયન રીચાર્ડસ જે રીતે વિફર્યો હતો તેને કાબૂમાં લેવો અશક્ય હતો. તેનો કેચ હિંદુસ્તાન માટે જ નહીં, સમગ્ર ક્રિકેટ માટે ઇતિહાસ બની ગયો. આ કેચે પાસુ પલટી નાખ્યું હતું.

તે સમયે ભારતના રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસીંઘ અધ્ધર જીવે ટેલિવિઝન પર મેચ નિહાળી રહ્યા હતા. રિચાર્ડસની વિકેટ પછી ઉત્સાહમાં આવી ગયા અને કપિલ અને ટીમને લોર્ડઝ પર કોમેન્ટેટર દ્વારા તાબડતોબ શુભેચ્છા સંદેશો પહોંચાડ્યો હતો.

વેસ્ટઈન્ડીઝની ટીમને વધુ પડતો આત્મવિશ્વાસ દગો દઈ ગયો અને કપિલે ઝિમ્બાવે સામે ફટકારેલા 175 રનને કારણે આત્મવિશ્વાસ પેદા થયેલો. માત્ર 140 રનમાં જ વેસ્ટઈન્ડીઝની ટીમ સમેટાઈ ગઈ. કપ્તાન કલાઈવ લોઈડ મેદાન પર છૂટા મોંએ રડી પડેલો. તેનું સ્વપ્ન વેરવિખેર થઈ ગયેલું, છિન્નભિન્ન થઈ ગયેલું જોકે તેનો બદલો પછીની ટેસ્ટ સીરીઝમાં ભારતમાં 5 - 0 થી હરાવીને લીધો હતો लेकिन जो बुंदसे गई वह होज से नहीं आती ।

મેચ પછી મિત્રોને આ માટે મેસેજ મોકલાયા ન હતા કારણ કે મોબાઈલ નામની ચીજ તે સમયે ન હતી. તેના આર્વિભાવને વીસેક વર્ષની વાર હતી. તે દિવસે પીઝા – બર્ગર પાર્ટી પણ ન થઈ. કારણ કે મેકડોનાલ્ડને હિંદુસ્તાનમાં આવવાની વાર હતી. ત્યારે 'ડીજે' પણ ન હતું અને લોકો પિપૂડા અને સિસોટીઓ વગાડતા સાયકલો લઈને રોડ પર ઊતરી આવ્યાં. તે સમયે સાયકલ મુખ્ય વાહન હતું. એ રાત્રે જે ઉત્સાહ, આનંદ, ચિચિયારી, ધમાલ, મસ્તી જોઈ છે એવી જીવનમાં પછી ક્યારેય નથી આવી.

વડીલો કહેતા હતા કે આવો માહોલ હિંદુસ્તાનની આઝાદી વખતે ઓગસ્ટ 15, 1947 ના દિવસે જોવા મળેલો. કમનસીબે તે સમયે અમે જન્મેલા નહીં અને હાલમાં પણ દેશની દસ ટકા વસતી જ તે દિવસને જોઈ શકેલી. એ રાત્રે મેચ પત્યા બાદ અમે મિત્રો નીકળી પડેલા અને માણેકચોક – રાયપુર (તે વખતે અમદાવાદનું હોટસ્પોટ હતું – સીજી રોડને હજુ વાર હતી) પાસે જે માહોલ જોયો તે જિંદગીભર ભૂલી શકાશે નહીં.

લોકો ઉછળતાં હતાં, ભેટતા હતા. કેટલાકની આંખમાં આંસુ હતા. એ રાત્રે કોઈ સૂતું ન હતું. યુવાનોમાં થનગનાટ હતો. કેટલાક કારનું બૉનેટ થપથપાવતા હતા. કેટલાકના હાથમાં ત્રિરંગો હતો. આખું શહેર હિલોળે ચઢ્યું હતું. આ ઉલ્લાસ, આ ઉમંગ પછી ફરી જીવનમાં આવ્યો નથી કારણ કે તે કુદરતી હતો. અત્યારનો કૃત્રિમ માહોલ જોઈને આપોઆપ એ સમય સાથે સરખામણી થઈ જાય છે.

આ મેચ દરમિયાન એક ઘટના બની તેનો ઉલ્લેખ કર્યા વગર રહી શકાય તેમ નથી. બપોરે ત્રણ વાગે મેચની શરૂઆતથી અમે ટેલિવિઝન પાસે બેસી ગયા હતા. એ સમયે વર્લ્ડકપ 60 ઓવરોનો રમાતો હતો. કારણ કે ઈંગ્લેન્ડમાં દિવસ ખૂબ જ લાંબો હતો અને પ્રથમ ત્રણ વર્લ્ડકપ ઈંગ્લેન્ડમાં જ રમાયેલ. ભારતનો પ્રથમ દાવ 183 રનમાં સમેટાઈ ગયો. વેસ્ટઈન્ડીઝનો દાવ લગભગ સાડા સાત વાગે શરૂ થયો તે સમયે જ ટોકરશાની પોળમાં લાઈટ ગઈ, વીજળી ડૂલ થઈ ગઈ હતી અને જ્યારે વીજળી પાછી આવી ત્યારે વેસ્ટઈન્ડીઝની ત્રણ વિકેટ પડી ગઈ હતી એટલે અમે રીચાર્ડસનો કપિલે ઝડપેલો અદ્‌ભુત કેચ કે બલવિન્દર સંધૂએ ઈનસ્વીંગ દડાથી ગ્રીનીજનું ઉખાડેલું ઑફ સ્ટમ્પ જોઈ શક્યા ન હતા. અલબત્ત અન્ય વિસ્તારોમાં મેચ ચાલુ હતી. જો કે અમે રેડિયો પર રનિંગ કોમેન્ટરી સાંભળીને કાલ્પનિક આનંદ મેળવેલો અને દર વિકેટે મોટું ટોળું અંધારામાં ચિચિયારીઓ પાડતું હતું અને વાતાવરણને ઉત્સાહથી ભરી દેતું હતું.

પણ, ત્યાર બાદ ક્રિકેટની રમત બદલાવાની શરૂઆત થઈ ગઈ. ટેસ્ટ ક્રિકેટનો ક્રેઝ ઘટવા માંડ્યો અને વનડે મેચે મહત્વનું સ્થાન લઈ લીધેલું. ત્યાર પછી પોળમાં કે મેદાન પર ક્યારે બે ઈનિંગ્સ વાળી ક્રિકેટ રમાઈ નથી.

તે સમયે ટેલિવિઝન પર મેચો જોવાની લક્ઝરી ન હતી. પણ મરફી અને બુશના ટ્રાન્ઝિસ્ટર રેડિયો હતો. તેની આસપાસ મોટું ટોળું કાન માંડીને બેસતું. વિદેશોમાં રમાતી મેચોની રનીંગ કોમેન્ટરી રાત્રે કે વહેલી સવારે સમયના ફેરફારને કારણે આવતી. તે સાંભળવા મોડી રાત સુધી જાગતા કે સવારે વહેલાં ઊઠી જતાં.

એ દિવસોમાં ટોકરશાની પોળમાં પણ યુવાનોને ક્રિકેટનો કેફ ચડ્યો હતો. ક્રિકેટ ટેનિસ બોલથી રમાતી રજાના દિવસે પોળની શેરીઓમાં જંગ ખેલાતો. પોળમાં દરેક લત્તાની ટીમ હતી અને અંદરોઅંદર મેચો રમાતી. મોટા કૂવા પરની ટીમ વધુ મજબૂત હતી. ઠેસિયા હનુમાન પાસે સ્ટમ્પની ઊંચાઈ જેટલી મકાનની જાળી કે સફેદ ચુનાથી રંગેલી પરબડી પર કોલસાના ત્રણ ઊભા સ્ટમ્પ ચિતરીને અથવા જૂના ટાયરને ઊભું રાખીને વિકેટ બનાવતા. રસાકસી ભરી મેચ જોવા બપોરે વડીલો પણ ગોઠવાઈ જતા. તે રસ્તા પર કરફ્યુ લાગી જતો. ત્યાંથી સાયકલ પણ નીકળી શકતી નહીં. ત્રણ સ્ટમ્પ પછીથી આવ્યા. ત્યારે એલ.બી.ડબલ્યુની બહુ ગતાગમ પડતી નહીં.

તે સમયે જી.એમ.ડી.સી. મેદાન કે રીવરફ્રન્ટનું મેદાન ન હતું. પોળના યુવાનો ગાયકવાડ હવેલીના મેદાનમાં ક્રિકેટ રમવા જતા અને સાળવીની પોળ અને ટોકરશાની પોળ વચ્ચેનો જંગ હજુ યાદ છે. એક સાથે અનેક મેચો મેદાન પર રમાતી.

કેટલાક વિદ્યાર્થીઓ પોકેટ ટ્રાન્ઝિસ્ટર છુપાવીને સ્કૂલ કે કૉલેજમાં લઈ જતા અને ભેગા થઈને બે પિરિયડ વચ્ચેના સમયમાં અથવા રિસેસ વખતે કોમેન્ટરી સાંભળતા. શિક્ષકો પણ ક્રિકેટ રસિયા હતાં. એટલે તેઓ આંખ આડા કાન કરતાં.

હિંદુસ્તાનની ગલીઓમાં ક્રિકેટ છવાઈ ગયું હતું. પોળમાં શ્રીમંત વ્યક્તિને ઘેર જ રંગીન ટેલિવિઝન હતા. તેના પર મેચ જોવાનો એક અલગ રોમાંચ હતો. પારકા ઘેર મેચ જોવાનો ઉત્સાહ બેવડાઈ જતો. દરેક વ્યક્તિ ક્રિકેટ પંડિત બની જતી.

આ લખનાર પોળની મેચોમાં અમ્પાયરીંગ કરતા અને પરબડી પર બેસીને

ભરપૂર રનીંગ કોમેન્ટરી આપતાં. તે સમયે નરોત્તમપુરી, સુરેશ સરૈયા, રવિચતુર્વેદી, મુરલી મનોહર મંજુલ અને સુશીલ દોશી લોકપ્રિય કોમેન્ટેટર હતા. તેમની નકલમાં કોમેન્ટરી કરવાની એક ઓર મજા હતી. આ લખનાર પાંચેક સામયિક અને સમાચારપત્રોમાં સ્પોર્ટસની કોલમ લખતા એટલે સરદાર પટેલ સ્ટેડિયમમાં પ્રેસ બોક્સમાં બેસી મેચો નિહાળી, તેને કવર કરીને બીજે દિવસે તેનો અહેવાલ છાપામાં મોકલતા. ઘણાં ક્રિકેટરોને રૂબરૂ મળીને ઈન્ટરવ્યૂ પણ લીધેલા.

1983 ના પ્રુન્ડેશીયલ વર્લ્ડકપથી ક્રિકેટના રીતસરના બે ભાગ પડી ગયા. 1983 પહેલાનું ક્રિકેટ અને 1983 પછીનું ક્રિકેટ. ક્રિકેટમાં ધરખમ ફેરફારો શરૂ થયા. હોકીનો દબદબો ક્રિકેટમાં ફેરવાઈ ગયો. ક્રિકેટક્ષેત્રે એક નવા હિંદુસ્તાનનો જન્મ થયો. દૂરદર્શને ભારત રમે તે બધી જ મેચો લાઈવ બતાવવાનું શરૂ કર્યું. ટેલિવિઝન પર ક્રિકેટના સ્પેશિયલ કાર્યક્રમો શરૂ થયા. વર્લ્ડકપ ફાઈનલમાં હિંદુસ્તાન હોય તો દેશમાં ઔપચારિક રજા જાહેર થઈ જતી. સચિનના ઉદય પછી હિંદુસ્તાનની ટીમ મજબૂત બનતી ગઈ. ગાંગુલી અને ધોનીનો યુગ આવ્યો. પછી વિરાટ કોહલીના નામે રેકોર્ડ થયા. હવે તે પણ અસ્તાચળ પર છે.

વાયડ અને ક્રિકેટનો ગાઢ સંબંધ રહ્યો છે. આ લખનારે એક લેખમાં રમૂજ ભરી રજૂઆત કરી હતી. 70 - 80 ના દશકામાં ટેસ્ટ ક્રિકેટની જેમ વાયડ સંઘમાં જ્ઞાતિજનો પાંચ દિવસ માટે આવતા. પછી રણજીટ્રોફી મેચની જેમ ત્રણ દિવસ આવવાનું શરૂ થયું. ત્યાર બાદ વન ડે ક્રિકેટની જેમ ચૈત્ર સુદ છઠને દિવસે હવનમાં એક દિવસ માટે જ વાયડ આવવાનો ટ્રેન્ડ શરૂ થયો અને અત્યારે T20 મેચની માફક હવનના દિવસે બપોરે આવીને રાત્રે પરત ફરી જાય છે.

80 ના દશકનો વાયડનો સુવર્ણકાળ ક્યારેય ભૂલાશે નહીં. ત્યારે વાયડ સંઘમાં જ્ઞાતિજનો પૂરા પાંચ દિવસ માટે આવતા. વડોદરાથી સુભાષભાઈ જ્ઞાતિજનોને લઈને ત્રણ દિવસ માટે સંઘમાં આવતા. સુભાષભાઈનું વાયડમાં આગમન થાય કે તરત જ આનંદ આળસ મરડીને બેઠો થઈ જતો. સાતમનો દિવસ ખાલી રહેતો એટલે એ દિવસે સવારે વાયડના કેમ્પસમાં પાટણ અને વડોદરાની ટીમો વચ્ચે મેચ રમાતી. આ મેચ ભારે રસાકસીભરી નીવડતી. આ મેચ જોવા કેમ્પસ છલોછલ ઉભરાઈ જતું. ક્યારેક મુરબ્બી શ્રી ઈન્દુભાઈ, નાનાકાકા, સાકરલાલ કાકા અને

દાસકાકા જેવા અગ્રણીઓ પણ મેચ જોવા આવતા અને તેઓની હાજરીથી ખેલાડીઓનો ઉત્સાહ વધી જતો. ક્યારેક મેચ લંબાતી તો બપોરના જમણવારનો સમય પણ પાછો ઠેલાતો. આવો નિર્દોષ આનંદ પછી ક્યારેય જોવા મળ્યો નથી.

યાદ છે 18 એપ્રિલ, 1986નો દિવસ ? એ દિવસ વાયડસંઘનો છેલ્લો દિવસ હતો. ભારત અને પાકિસ્તાન વચ્ચેની શારજાહમાં નિર્ણાયક મેચ હતી. એ મેચમાં જાવેદ મિયાંદાદે ચેતન શર્માના ફૂલટોસ પર છેલ્લા બોલે છગ્ગો ફટકારીને પાકિસ્તાનને વિજયી બનાવ્યું હતું. તે દિવસે સવારે છ વાગે ઊઠીને, સ્નાન કર્યા વગર અમદાવાદ ભણી જે વાહન મળ્યું તેમાં બેસીને સવારે દસ વાગે ઘેર પહોંચી ગયેલ અને પ્રથમ બોલથી જ મેચ રોમાંચક બની ગઈ હતી. જ્ઞાતિજનો મોડી સાંજે ઘેર ફરત ફર્યા ત્યારે આ અદ્‌ભુત મેચ સમાપ્ત થઈ ગઈ હતી અને તેનો વસવસો લાંબા સમય સુધી જોવા મળ્યો હતો. જો કે મિયાંદાદ જેવો જ ભવ્ય છગ્ગો સચિન તેંડુલકરે શોએબ અખ્તરની બોલિંગમાં 2003 માં ફટકારેલો.

એ સમયે 15 થી 45 વર્ષની ઉંમરના લોકોને ક્રિકેટના આવા માહોલનો બરાબર ખ્યાલ છે.

મને નવાઈ લાગે છે કે ચાર દશક સુધી બોલીવુડમાં કેમ કોઈ નિર્માતાને 1983 ના વર્લ્ડકપ પરથી ફિલ્મ બનાવવાનું સૂઝ્યું નહીં કે એવી કોઈ દૃષ્ટિ ન હતી? '83' ફિલ્મમાં રણવીરસિંહે કપિલદેવને ન્યાય આપવાનો ભરપૂર પ્રયત્ન કર્યો છે પણ જેમણે એ ક્ષણો માણેલી છે તેના માટે આ કોઈ વિસાતમાં નથી. જો કે '83' ફિલ્મે એ ક્ષણોને તાજી કરાવી દીધી.

તે દિવસે ભારત વિશ્વવિજેતા બની ગયું હતું. અને આ જ નક્કર વાસ્તવિકતા હતી. આ દિવસ હિન્દુસ્તાનના ઇતિહાસમાં એક જબરદસ્ત વળાંક બનીને આવ્યો હતો.

**25 જૂન 1983 - એ માત્ર એક તારીખ નથી, ઇતિહાસ છે.**

– હિમાંશુ શાહ, અમદાવાદ
ભૂતપૂર્વ તંત્રી, વાયડામિત્ર
મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦

# શબ્દ-સરોવરમાં ડૂબકી....૮



આજે વાત કરવી છે તે વાત આજની જે કવિતામાંથી પસાર થશે, જે એક ગઝલ સ્વરૂપે છે, જાણીતા કવિશ્રી મહેન્દ્ર જોશીની એક અદ્ભુત અર્થ ધરાવતી ગઝલના શેર આજની આપણી વાતના પ્રવાહમાં એકરૂપ થઈને આવશે.

**ગઝલ**

(એથી વધુ શું જોઈએ, કવિશ્રી મહેન્દ્ર જોષી)

કાગળ કલમ ને મેજ છે એથી વધું શું જોઈએ,
આંખો માં થોડો ભેજ છે એથી વધું શું જોઈએ.

એ આગિયાનું હોય કે ચકમક ઘસ્યા ની વેળનું,
મુઠ્ઠીમાં ખપનું તે જ છે એથી વધું શું જોઈએ.

મનમાં જ ઘંટારવ થતો મનમાં પ્રગટતા દીવડા,
મનમાં ય તું સાચે જ છે એથી વધું શું જોઈએ.

કાલે પ્રભાતી રાગમાં લહેરાઈને ઊડી જઈશ,
આ કાવ્ય દસ્તાવેજ છે એથી વધું શું જોઈએ.

આજની શરૂઆત જે વાતથી કરવી છે...

માનવ, હંમેશા તેના જીવનની પરિસ્થિતિનું અવિરત મૂલ્યાંકન કરતો એક જીવ છે.

જ્યાં સુધી તે પોતાના લક્ષ્યો પ્રાપ્ત નહીં કરે ત્યાં સુધી તેને કોઈ સંતોષ નહીં જ થાય. કદાચ, એમ કહી શકાય કે દરેક મનુષ્યની અંતિમ અભિલાષા તેના લક્ષ્યો અને ઇચ્છાઓ પ્રાપ્ત કરવાની હોય છે અને આ જ પ્રાપ્તિ તેને કદાચ જીવન સંતોષ તરફ દોરી જાય છે.

તેથી, જીવન સંતોષ એ માનવકલ્યાણનું કેન્દ્રિય પાસું છે, તે અંતિમ લક્ષ્ય છે. દરેક માનવી જીવનભર આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ છે.

જીવનમાં સંતોષ એ ચેતનામય અને પર્યાવરણીય જીવનની પરિસ્થિતિઓથી સંબંધિત, એક બહુપરિમાણીય સમજશક્તિ છે.

જીવન સંતોષ શબ્દને બે શબ્દોમાં વહેંચી શકાય છે – જીવન અને સંતોષ

જીવન તે છે જે કોઈની વિચારસરણી તેને બનાવે છે, જીવન ઓબ્જેક્ટ પર છે જેના પર અસર અથવા મહત્વાકાંક્ષા નિર્દેશિત છે. હકીકતમાં કોઈ જીવન ધ્યેય વિના હોઈ શકતું નથી.

સંતોષ એ એક એવો શબ્દ છે જેનો અર્થ થાય છે કે ઇચ્છાની પ્રક્રિયા માટે પૂરતું થવું. સંતોષ એ માત્ર વ્યાખ્યા માટે મુશ્કેલ શબ્દ છે, તે તેની અંદરથી પસાર થઈ પરિતૃપ્ત થવું જરૂરી છે.

આ પ્રક્રિયા માટે માધ્યમની પણ જરૂર પડે એવાં તો કયા માધ્યમ હોય કે જેનાથી આ પરિભાષા, આપણને જીવનમાં ઉતારવી સહેલી પડે કેટલાક સૂચક પરિબળો અને કેટલીક આંતરિક પ્રતિભા આ બંનેનો સંયોગ એટલે વિચારશૈલીનું સુકાન!

સંતોષ સંપૂર્ણ રીતે માનવજીવનના ઉછેર, કલા, વર્તન અને પ્રકૃતિ પર આધારીત છે. તે ભૌતિક વિશ્વ કરતાં મન સાથે વધુ સંબંધિત છે.

કાગળ કલમ ને મેજ છે એથી વધું શું જોઈએ.
આંખો માં થોડો ભેજ છે એથી વધું શું જોઈએ.

તેવું વારંવાર ઉચ્ચારવામાં આવે છે કે જીવનનો અર્થ, ધ્યેય અને દિશા હોય છે તેવો મત વ્યક્ત કરનારી વ્યક્તિઓ જીવનને શ્રેષ્ઠ રીતે જીવવાનો સંતોષ આપે છે.

જીવનની સંતોષ એ વ્યક્તિની ચેતનામય સિદ્ધિઓની કોઈની આકાંક્ષાની સરખામણીથી પ્રાપ્ત થતાં પોતાના અસ્તિત્વની સમગ્ર પરિસ્થિતિઓની સંતુલિત આકારણી છે.

સંતોષની સ્થિતિ, અધિકાર અને નિજાનંદમાં સંતોષકારક ક્રિયા ઉપર અવલંબન કરે છે અને સંતોષાવાનું એ છે કે જેની ઇચ્છા હોય છે તે સાથે, કોઈની ઇચ્છાઓ, આકાંક્ષાઓને પૂર્ણપણે આશાવાદની પરિપૂર્ણતાથી સકારાત્મકતાસહ

સ્વીકારવી. જીવનનો સંતોષ અને પ્રગતિશીલ પ્રક્રિયા છે, જે એક આખા જીવન દરમિયાન નિરંતર ચાલે છે, જરૂર પૂરતું સંતોષ પામવાની આ જ કલા સુખ પ્રદાન કરે છે.

એ આગિયાનું હોય કે ચકમક ઘસ્યાની વેળનું, મુઠ્ઠીમાં ખપનું તેજ છે એથી વધું શું જોઈએ.

જીવન દ્વારા ખરેખર સંતુષ્ટ અને સંતુલિત થવા માટે, વ્યક્તિને આંતરિક સંતોષની જરૂર છે.

આમ તો એ વ્યક્તિ સ્પષ્ટ છે કે ત્યારે જ ખુશ થઈ શકે છે જ્યારે તેની પાસે વાસ્તવિક ક્ષમતા અને અપેક્ષાઓનું સંતુલન હશે.

આત્મચિંતન વિકસાવવા માટેની તેની ક્ષમતાઓ અને સંભવિતતાઓની વાસ્તવિક મૂલ્યાંકન હોય તે જ આ ક્ષેત્રમાં વિજયી.

અંતે, એક આશાવાદી સકારાત્મકતા અને જીવન પ્રત્યેની ખુશખુશાલ વૃત્તિ જ એક સ્વસ્થ દૃષ્ટિકોણ છે, જેના વિના જીવનમાં સંતોષ મેળવવો મુશ્કેલ છે.

જીવન સંતોષ એ સમયની આવશ્યકતા છે. આજના તણાવપૂર્ણ જીવનમાં તેનું ખૂબ મહત્વ છે. સંતોષ વિના માણસ શાંતિપૂર્ણ અને સમૃદ્ધ જીવન જીવી શકતો નથી. તેથી વ્યક્તિએ દૈનિક જીવનની તણાવ, ચિંતાઓ અને ચિંતાઓને તોડવાનું શીખવું આવશ્યક છે. નહીં તો આ સંજોગ તેને તોડી નાખશે.

જીવન સંતોષ એ વ્યક્તિની સુખાકારી, જીવનની ગુણવત્તા અને ખુશીનો માહોલ વ્યક્ત કરે છે.

પર્યાવરણમાં આપણી આસપાસની દરેક બાબતો સમાયેલ છે. તે એક મહત્વપૂર્ણ પરિબળ છે જે વિવિધ મનોવૈજ્ઞાનિક લાક્ષણિકતાઓને જ નહીં પરંતુ આપણી સારી સામાજિક વર્તણૂકને પણ પ્રભાવિત કરે છે.

પોતાનું પર્યાવરણ શાંતિપૂર્ણ અને જન્મજાત છે તે સંતુલિત જીવનને સરળ બનાવવામાં મદદ કરે છે અને તે જ તેની સાચી ભક્તિ છે, તેનું તેજ છે, તેનો ઘંટનાદ છે.

મનમાં જ ઘંટારવ થતો મનમાં પ્રગટતા દીવડા,

સ્વ. સમજુબેન જયંતિલાલ ગાંધીના જય શ્રી કૃષ્ણ.

મનમાં ય તું સાચે જ છે એથી વધું શું જોઈએ.

જીવન સંતોષ એ સમયના ચોક્કસ સમયે નકારાત્મકથી સકારાત્મક સુધીના જીવન વિશેની લાગણીઓ અને પ્રકૃતિની મૂળ આકારણી છે. સંશોધન દ્વારા વ્યક્તિલક્ષી સુખાકારીના બે સમૃદ્ધ પાસાંને ઓળખવામાં આવ્યા છે.

જીવન સંતોષ, વ્યક્તિલક્ષી સુખાકારીનો એક ભાગ અને તેના જીવનમાં ભાગ લેતા તથ્યોની દૃષ્ટિએ જીવનની ગુણવત્તા વિશેના તેના વિચારો. બંને તત્વો કંઈક અંશે વિશિષ્ટ છે અને જ્યારે વિશેષ મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે પૂરક બળ પ્રદાન કરી શકે છે. તે જીવન વિશેની વિચારસરણી સમૃદ્ધ કરે છે.

જીવમાં આનંદની લાગણીની સ્થિતિ ત્યારે જ છે, જ્યારે અંતિમ લક્ષ્ય, મનુષ્ય સમગ્ર જીવનમાં પ્રાપ્ત કરવા માટે વૈચારિક સમૃદ્ધ કરે છે. જીવન સંતોષ વિના, આંતરિક અને બાહ્ય સ્વરૂપમાં બાધારૂપ છે.

તે જીવનમાં ખાલિપો, અસ્વસ્થતા અને અર્થહીન લાગણીને જ જન્મ આપે છે. આ વિરોધાભાસી પરિસ્થિતિ પાત્ર મૂલ્યો અને કાર્યક્ષમતાનાં ક્ષય તરફ દોરી જાય છે.

જીવન સંતોષમાં આનંદની ક્ષમતા પણ હાજર છે. આપણી પાસે જે કંઈ છે તેનાથી જ આપણે વધુ આનંદ કરી શકીએ છીએ. ઉચ્ચ સંતોષવાળી વ્યક્તિને જીવનમાં તેનાથી વધુ ઉચ્ચ થવાની અપેક્ષા છે.

અને તે જ તેના જીવનલયનો સાચો દસ્તાવેજ છે.

કાલે પ્રભાતી રાગમાં લહેરાઈને ઉડી જઈશ, આ કાવ્ય દસ્તાવેજ છે એથી વધું શું જોઈએ.

શેર ગઝલ
"એથી વધું શું જોઈએ"માંથી
કવિ શ્રી મહેન્દ્ર જોશી

**– રસદર્શન અને પ્રવાહ સૂત્રધાર : હરીશ શાહ,**
**વડોદરા, મો. ૯૮૭૯૫ ૦૩૩૬૨**
**તંત્રી, Vayconnect**
**ભૂતપૂર્વ તંત્રી, વાયડામિત્ર**

સ્નેહલતાબેન પ્રફુલચંદ્ર ગાંધી (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. ચીનુભાઈ આર. શાહ (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

## સાચો જવાબ કયો ?

(1) દુનિયાનું સૌથી મોટું રેલ્વે પ્લેટફોર્મ કયું ?

(અ) સ્ટેટ સ્ટ્રીટ સબવે, શિકાગો (બ) કોલ્લમ, કેરલા

(ક) ખડગપુર (ડ) ગોરખપુર

(2) કયા ટેનીસ પ્લેયરે ગોલ્ડન ગ્રાન્ડ સ્લામ ખિતાબ મેળવ્યો છે ?

(અ) માર્ટિના નર્વાતીલોવા (બ) સ્ટેફી ગ્રાફ

(ક) બોરીસ બેકર (ડ) રાફ નડાલ

(જવાબ તથા વધુ માહિતી માટે જુઓ પાના નં ૨૫)

**– પ્રિયમુખ પનાલાલ, વડોદરા,**
**મો. ૯૧૦૬૬ ૨૫૬૪૭**

### વીર દેશ કે વીર જવાન

હમ વીર દેશ કે વીર જવાન,
ચાહે સર્દી હો, ચાહે ગર્મી હો, ચાહે ફિર હો બારિશ,
દિન-રાત બસ કરતે રહતે, દેશ કો બચાનેકી કોશિશ.
દુશ્મન સે કભી ભી ન ડરતે,
હરદમ અપને દેશ કે લિયે લડતે,
યુદ્ધ મેં ગઁવાતે અપની જાન,
પર દેશ કી બચાતે આન, બાન ઓર શાન,
હર મુશ્કિલ મેં વો હોતે સાથ,
દેશ કા હરદમ પકડતે હાથ,
હમ વીર દેશ કે વીર જવાન,
હમારા ભારત દેશ હે મહાન ।
॥ જય હિંદ ॥

**– માન્ય અતુલ પરીખ, ઉં વર્ષ ૧૧,**
**અમદાવાદ**

ચંદુલાલ મગનલાલ શાહ તથા કંચનગૌરી ચંદુલાલ મગનલાલ શાહની સ્મૃતિમાં સૌને જય શ્રી કૃષ્ણ.

# કળાત્મક બાળ ઉછેર - ૨



શું તમે તમારી જિંદગીના દરેક મુકામ પર આવું સાંભળ્યું છે ? જ્યારે તમે બાળક હતા ત્યારે, બેટા રૂમ સાફ કરી દે ને, પપ્પા આવતા હશે, એમને નહીં ગમે. જ્યારે તમે પુત્રી હતા ત્યારે બેટા આવા નાના અને ખુલ્લાં કપડાં ન પહેરો, લોકો અલગ નજરથી જોશે. જ્યારે તમે પુત્ર હતા ત્યારે, આ શું રડવા બેઠા છો, છોકરાઓ ના રડે. જ્યારે તમે પતિ-પત્ની થયા ત્યારે, આ આમને નથી ભાવતું, આ કલર એમને પસંદ નથી તો એવું ન કરવું જોઈએ. વગેરે વગેરે. આ બધું વારંવાર સાંભળવાથી આપણે બીજા લોકોને ગમતું કરતાં થઈ જઈએ છીએ અને પોતાની ઇચ્છાઓ તથા સ્વરુચિને ત્યાગી દઈએ છીએ. લોકોના પ્રમાણે ચાલવાનું ને લોકો શું વિચારશે આપણા માઈન્ડમાં એવું બેસી જાય છે કે આપણને ગમતું ના હોય તો પણ આપણે ના પાડી શકતા નથી.

બાળપણમાં બાળકે ઘણી વાર સહજતાથી સાંભળ્યું હોય છે, અંકલ આટલું બધું લાવ્યા તારા માટે થેન્ક્યુ કો ? આટલા બધાની સામે રડવાનું બંધ કર, ચાલ અંકલને ડાન્સ તથા ગરબા કરીને બતાવો તો, જો અંકલને વાગ્યું તારા લીધે સોરી કે. ઘણીવાર છોકરાઓ આપણું કહેલું નથી કરતાં, પણ માતા-પિતા તરીકે આપણે ઘણી વાર જબરજસ્તી કરીએ છીએ કે આવુ જ કર. પોતાનું સ્ટેટસ જાળવવા તથા લોકોને ખુશ રાખવા. તયારથી બાળકના મગજમાં બેસી જાય છે કે આપણે લોકોને ખુશ કરીશુ તો માતા-પિતાને આપણે ગમીશું. આપણને વહાલ કરશે, ચોકલેટ આપશે કે પછી એક્સેપ્ટ કરશે. માટે બાળક પછી લોકોને શું ગમશે એ જ કરવા લાગે છે અને પોતાના અસ્તિત્વને, ઇચ્છાને, લાગણીને, મતને, વિચારસરણીને મારી દે છે.

અમર નૈમિષભાઈ પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

આવા પ્રસંગ વારંવાર બનવાથી બાળક પોતાની અંતરશક્તિઓને પારખી જ નથી શકતો, પોતાનો સેલ્ફ કોન્ફિડન્સ ગુમાવી દે છે, દિલ ખોલીને પોતાનો મત બોલી પણ નથી શકતો. એનો પહેલો વિચાર એ જ હોય છે કે લોકો શું કહેશે, જે આજનો એક બહુ મોટો પ્રોબ્લેમ છે. એ પોતાની જાતને જાતે જ લિમીટ કરી દે છે.

આવા વખતે જો માતા-પિતા એમની ભાષામાં સહેજ બદલાવ લાવે તો આપણે બાળકને એની જાતે જ ખીલવા પ્રોત્સાહન આપી શકીએ છીએ. જેમ કે બેટા અંકલે તને આટલી બધી ગિફ્ટ આપી તને ગમ્યું ? શું આપણે એને થેન્ક્યુ કહીશું ? બેટા મને ખબર છે તને આ નથી ગમ્યું, બહુ રડુ આવે છે, તો એવું શું કરીએ જેનાથી તને સારું લાગે ? બેટા તારી ઇચ્છા છે અંકલને તારો ડાન્સ અને ગરબા બતાવવાની ? બેટા આવું તને વાગ્યું હોત તો ગમત ? શું આપણે અંકલને સોરી કહેવું જોઈએ ? આ રીતે આપણે એની લાગણી અને ઇચ્છાઓને દુભાવ્યા વિના આપણને એના જોડે જે કરાવવું છે એ જ આપણે સહજતાથી કરાવી શકીએ છે.

એની લાગણીને આદર આપીએ છીએ કે તું જે અનુભવી રહ્યો છે એ સાચું છે. પછી બાળક નક્કી કરશે એને શું કરવું છે. જો એ આપણું કહેલું ન કરે તો પણ એ જેવો છે એને અપનાવો. કઈ વાંધો નહીં તને આવું ના કરવું હોય તો ના કરીશ કહીને એના લાગણીને આદર આપો. જબરજસ્તી ના કરો. તો મોટો થઈને એ એનો મત લોકો સામે મુક્તા ડરશે નહીં અને એનો મત મારશે પણ નહીં. એનો આત્મવિશ્વાસ સો ગણો થઈ જશે.

એક દીકરી જ્યારે લગ્ન કરી સાસરે જાય છે ત્યારે એના સાસરાવાળાને ખુશ કરવા માટે બધું જ કરે છે પણ પોતાની ઇચ્છાઓને મારી કાઢે છે. પોતાના અસ્તિત્વને બદલી કાઢે છે. બીજાને ખુશ કઈ રીતે કરવા એમાં જ એના ઘણા વર્ષો વીતી જાય છે અને પછી મોટી ઉંમરે પસ્તાય છે કે મે આ ના કર્યું, મને આ કરવા ના મળ્યું વગેરે

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

જેથી એને જીવનમાં કશું કર્યું નથી એનો અસંતોષ ખૂંચ્યા કરે છે.

એવી જ રીતે પુત્ર પણ જ્યારે કૉલેજ પત્યા પછી નક્કી કરવાનું હોય છે શું કરવું, પપ્પાના ધંધામાં બેસવું ? જોબ કરવી ? પોતાનો નવો ધંધો વિકસાવવો ? કઈ લાઈન પસંદ કરવી વગેરે સવાલો એના મનમાં ચાલતા હોય છે. એ પણ ઘણી વાર લોકો શું કહેશે એ પ્રમાણે કરે છે અને પોતાનું સપનું તોડે છે.

એવા 5 ટકા લોકો જ હોય છે, જે મોટા થઈને પોતે જે ધાર્યું હોય છે એ કરી શકે છે ભલે લોકો એનાથી વિપરીત કહેતા હોય. માટે ચાલો આપણે મા-બાપ તરીકે નવા પેઢીનું સર્જન કરીએ જેથી એ પોતાના અંતર અવાજને સાંભળે, ના કે લોકોના અવાજને.

- **Ar. Divya Parikh**, Ahmedabad
Ph No. 94281 67864
Email : divya24789@gmail.com

**ગઝલ**

જરા પંપાળજે થોડા હ્રદય ધબકાર બાકી છે,
જમાનાએ કરેલો એક આ પડકાર બાકી છે.

અજાણ્યાઓ યે વરસાવે હ્રદય પર પ્રેમ આ કેવો ?
અને વ્હાલા સ્વજનના અવનવા ઉપચાર બાકી છે.

પડયાં છે લોક પાછળ આપણી કેવી રીતે જુઓ,
ચઢાવ્યાં છે ચિતા પર પણ હજી તકરાર બાકી છે.

નહીં કયારેય નોતરશું પતન અમ પ્રેમનું જોજે,
સ્વપ્ન તાદશ્ય કરવાનાં હજુ સાકાર બાકી છે.

જરા પંપાળજે થોડા હ્રદય ધબકાર બાકી છે.
જમાનાએ કરેલો એક આ પડકાર બાકી છે.

- તુષાર પરીખ, યુ.એસ.એ
મો. +૧ ૫૬૧ ૨૫૨ ૬૦૮૮

સ્વ. શાહ ઝવેરીલાલ વીરજીના જય શ્રી કૃષ્ણ.

## નામસ્મરણ



દૂર થી જીવનને તારા
પળ પળ નિહાળતો રહેજે
કેટલી પળો સુખમાં વીતી
અને કેટલી દુ:ખમાં
એના હિસાબમાં ના પડજે
આવનારી પળોને જીવતું
પ્રભુસ્મરણના રંગમાં રંગજે
રાધા કૃષ્ણનું નામ તું
સતત રટતો રહેજે.
તારા સહારે હરતું ફરતું
નવા નવા સાજથી સજતું
આ પાંજરું ક્યારે ખૂલી જશે
છોડીને એને ઉડી જાવું પડશે
મોહમાં એના નવ ફસાજે
ગગનમાં મુક્ત વિહરવા માટે
ભક્તિની પાંખો તું પહેરી લેજે.
જીવ સદાય તું નામસ્મરણમાં
રત રહેજે, મસ્ત રહેજે.

– ભારતી કશ્યપ, નાગપુર
મો. ૯૯૨૩૪ ૩૩૬૪૩

તારાબહેન તલકશીભાઈ શાહ પરિવાર (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

## Tera yaar hu me



Friendship! People say it happens when there is some strong connection between two people and what you think this can be between just two unknown persons met at some time, no this relationship can be of dad and son, mother and son, two brothers or two sisters, brother and sister, husband and wife this all relationship are those in which people share a very strong and never ending bond. Let's get to know this strong relation for dad and son.

Pitah se hai naam tera pitah pehchaan teri,
Jiye jis sahaare pe tu pitah se woh saans mili,
Hai pitah rab tera,
Ishwar allah jitne bhi rab hain!
Noor tera tujh mein hi sab hai!

In today's generation, we hear a lot of stories where children are way too forward and they do things which they like, this can be still understood but at times in their own world, enjoyment, they get onto such track later on which its difficult for them to come out of that and if they are being scolded for this by father they definately don't like it and they just keep on thinking that their parents don't understand them,

they always keep scolding, they don't understand children's situation and their feelings. So for those who think like that, one point for you to remember is that no one is greater and better person to understand you than your father. He knows point to point details about how you can be happy and what things make you happy so they always keep trying to make you happy but in a different way, point is children never try to understand the feelings of a father they always think and have a view in mind that father always scold the children but the right thing you children need to understand is that a father is who guide you to move ahead in your life.

In today's world, for today's generation parents are not that important i mean they just need few things in their life without which their life is nothing which are latest technology, social media, money, friends that's it. Its not bad to have this things is life but giving more importance to this is not right. For us our father had sacrificed everything say it friendship, enjoyment but in return if he gets some time from you he will be the happiest person. And why there is a gap between that generation and today's generation is because we use to have respect for our parents and we use to understand whatever father say is for our good and for our better future, but this is not the case with today's generation. They don't have that understanding, no power to accept things, bad listening power

they never listen just argue in front of parents, because they are more of social media people. The children need to understand that a father just need you to be a better person ahead, you should make him your life idol rather than just misunderstand him. Life don't come with instructions stated, that's why we have father to guide us. One of the very nice lines are said by Billy Graham that:

"A good father is one of the most unsung, unpraised, unnoticed, and yet one of the most valuable assets in our society".

Rightly said a good father right from our birth works so hard just to make sure our life is smooth and future is secured and we enjoy our life to the fullest and also all our dreams are coming out to be true. But he never expects anything in return but just some gesture of love from you but what he gets in return is no attention no respect. His whole life is just for you just to make your future better. So understand your father, show some gesture of love, some respect and make him feel like he is more than a father to you. Because when you needed your father he was always there but the time when he needs you he is not getting what he might have thought.

Every father hopes that his son becomes better than he is. Definitely he is quite strict on you at times but have you tried to know why he was that hard, so that you can be on right path and you come out as a better person. I will just conclude this part by few and famous song lines and making sure that children will understand and start caring, loving, respecting their parents.

Tu jo rootha toh kaun hansega,
Tu jo chhuta toh kaun rahega,
Tu chup hai toh yeh darr lagta hai,
Apna mujhko ko ab kaun kahega,
Tu hi wajah
Tere bina bewajah bekar hoon main,
Tera yaar hoon main!
Tera yaar hoon main!

Always remember: FATHER is your best friend, your super hero, your life's sunlight, your way to happiness. Care and love him.

ભૂલો ભલે બીજુ બધુ પણ માં-બાપને ભુલશો નહિ
અગણિત છે ઉપકાર એના એહ વિસરશો નહિ

**- Dhruti Jayant Shah**
**Mob: 9892758665**

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# સાચો જવાબ કયો ?



ઉખાણાંના જવાબ (પાના નં ૧૬)

**(1) (ડ) ગોરખપુર**

ગોરખપુર - 4,483 ફુટ, ખડગપુર - 3,573 ફુટ, કોલ્લમ, કેરલા - 3,813 ફુટ, સ્ટેટ સ્ટ્રીટ સબવે અને શિકાગો - 3,402 ફુટ. આ ચારે ચાર દુનિયાના સૌથી મોટા રેલ્વે પ્લેટફોર્મ છે.

દુનિયામાં જે સૌથી મોટા 10 રેલ્વે પ્લેટફોર્મ છે તેમાંથી 6 રેલ્વે પ્લેટફોર્મ ભારતમાં છે.

ગોરખપુર, યુપી - 4,483 ફુટ, કોલ્લમ, કેરલા - 3813 ફુટ, ખડગપુર, વેસ્ટ બંગાલ - 3-573 ફુટ, બિલાસપુર,છત્તીસગઢ - 2,031 ફુટ, ઝાંસી, યુપી - 2,526 ફુટ અને સોનેપુર, બિહાર - 2,421 ફુટ

જો સવાલ દુનિયાનું સૌથી મોટું રેલ્વે સ્ટેશન કયું ? તો જવાબ છે ન્યુયોર્કનું ગ્રાન્ડ સેન્ટ્રલ ટર્મિનલ સ્ટેશન. આ સ્ટેશન ઉપર કુલ 67 ટ્રેક્સ છે. 44 અપર લેવલ ઉપર અને 26 લોવર લેવલ ઉપર. આ સ્ટેશન ઉપર વર્ષ દરમ્યાન 6.7 કરોડ લોકોની અવરજવર થાય છે. સવારના પીક સમયે દર 58 સેકન્ડે એક ટ્રેન આવે છે.

---

**જવાબ : (2) (બ) સ્ટેફીગ્રાફ**

આમ જોવા જઈએ તો ગ્રાન્ડસ્લેમ શબ્દ મૂળ તો પત્તાની બ્રીજની રમતનો શબ્દ છે. 1933ની સાલથી ગ્રાન્ડસ્લેમ શબ્દ ટેનીસ સ્પર્ધા માટે વપરાતો થયો. 1878ની સાલથી વિમ્બલ્ડન મેચ રમાય છે, 1891ની સાલથી યુએસ ઓપન રમાય છે, 1895ની સાલથી ફ્રેંચ ઓપન રમાય છે અને 1905ની સાલથી ઓસ્ટ્રેલીયન ઓપન મેચ રમાય છે. 192ની સાલમાં ઈંટરનેશનલ ટેનીસ ફેડરેશને આ ચાર મુખ્ય સ્પર્ધા ગણાવી.

નોંધ : બ્રિજની રમતની શરૂઆતમાં સામસામી પાર્ટી કેટલા હાથ-Tricks કરશે તે કહેવા માટે તેરે તેર હાથ કરવા માટે ગ્રાન્ડ સ્લેમ શબ્દ વપરાય છે. બ્રીજની રમતમાં જ્યારે તમારી 100 પોઈન્ટ્સની એક ગેઈમ થઈ હોય ત્યારે તમે વોનરેબલ કહેવાઓ. જ્યારે તમે વોનરેબલ હોવ અને તમે તેરે તેર હાથ કરવાનું

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

કહો એટલે કે ગ્રાન્ડસ્લેમ કરવાનું કહો અને સામેની પાર્ટી તમને પડકાર ફેંકી ડબલ કહે અને જો તમે જીતી જાવ તો સૌથી વધુ પોઈન્ટ્સ મળે.

જ્યારે 1933 ની સાલમાં ઓસ્ટ્રેલીયન પ્લેયર જેક ક્રાફર્ડ, ઓસ્ટ્રેલીયન ઓપન અને વિમ્બલ્ડનની ત્રણ ટેનીસ મેચ જીતી ગયો ત્યારે ન્યુયોર્ક ટાઈમ્સના રીપોર્ટર કિરણે કહ્યું કે જો જેક ક્રાફર્ડ યુએસ ઓપન જીતી જાય તો ટેનીસ કોર્ટ ઉપર બ્રિજની રમતમાં થાય છે તેમ વોનરેબલ, ગ્રાન્ડ સ્લામ અને ડબલ જેવું થાય. 1933ની સાલમાં ઓગસ્ટ સપ્ટેમ્બરમાં રમાતી US ઓપન ટેનીસ ટુર્નામેન્ટ ગરમીના કારણે જેક ક્રાફર્ડ જીતી ન શક્યો. પણ, 1938ની સાલમાં Don Budge ચારે ચાર મુખ્ય ટેનીસ ટુર્નામેન્ટ જીતી પ્રથમ ગ્રાન્ડ સ્લામનો ખિતાબ જીત્યો હતો.

ઓલમ્પિકમાં 4 થી એપ્રિલ, 1896ની સાલથી ટેનીસ રમાતી આવી છે. ઈ.સ. 1924 પછી ઇંટરનેશનલ લોન ટેનીસ ફેડરેશન અને ઇંટરનેશનલ ઓલમ્પિક કમિટીને ટેનીસના સ્પર્ધકો mature - કઈ ઉંમરે ગણવાની બાબતમાં મતભેદ પડ્યો તેથી ઓલમ્પિકમાં ટેનીસ સ્પર્ધા બંધ થઈ. ઈ.સ. 1968 અને 1984માં 21 વર્ષથી વધુ ઉંમરના સ્પર્ધકોને લઈ ઓલમ્પિકમાં ટેનીસ રમાડવામાં આવી. ઈ.સ. 1988 થી નિયમિત રીતે ઓલમ્પિકમાં ઉંમરનાં કોઈ પણ બાધ સિવાય ટેનીસ રમાય છે.

ઓલમ્પિક રમતો હંમેશા વિમ્બલ્ડન અને યુએસ ઓપનની વચ્ચે રમાય છે. વિમ્બલ્ડન જુન-જુલાઈ, ઓલમ્પિક જુલાઈ-ઓગસ્ટ અને યુએસ ઓપન ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં રમાય છે. ઈ.સ. 1988ની સાલમાં સ્ટેફી ગ્રાફ ઓસ્ટ્રેલીયન ઓપન, ફ્રેંચ ઓપન, વિમ્બલડન, ઓલમ્પિક અને યુએસ ઓપનની પાંચે પાંચ ટેનીસ સ્પર્ધા જીતી ગઈ. સ્ટેફી ગ્રાફ ઓલમ્પિકમાં ગોલ્ડ મેડલ મળ્યો હોવાથી આવી રીતે જીતનાર વ્યક્તિને ગોલ્ડન ગ્રાન્ડસ્લેમ ખિતાબથી નવાજવામાં આવે છે. અત્યાર સુધી ફક્ત સ્ટેફી ગ્રાફે જ આ સિદ્ધિ હાંસલ કરી છે Unpresidented achivement. આ ઉપરાંત સ્ટેફી ગ્રાફ બીજે વર્ષે એટલે કે ઈ.સ. 1989 ઓસ્ટ્રેલીયન ઓપન જીતી સળંગ 6 ટેનીસ મેચ જીતી ગઈ હતી.

2020 ની સાલમાં કોરોનાના કારણે ઓલમ્પિક ન રમતા 2021 ની સાલમાં રમાઈ. 2020 ની સાલમાં સર્બીઓનો નોવાક જોગુવિક (Djokovic - Djokovic is pronounced as jaw-guh-vik) યુએસ ઓપન જીતી 2021 ની સાલમાં ઓસ્ટ્રેલીયન ઓપન, ફ્રેંચ ઓપન, વિમ્બલડન જીતી ગયો હતો. ઓલમ્પિકમાં ટેનિસ સ્પર્ધા જીતી ગયો હોત તો તે ગોલ્ડન ગ્રાન્ડસ્લેમનો ખિતાબ મેળવી શક્યો હોત. નસીબજોગે તે જર્મનીના એલેકઝાન્ડર ઝુવેરેવ સામે હારી જતા તે ગોલ્ડન ગ્રાન્ડસ્લેમનો ખિતાબથી વંચિત રહી.

વેલજી ભીમજી પરિવાર (કચ્છ) - મુંબઈના જય શ્રી કૃષ્ણ.

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

2020 ની સાલમાં સર્બીઓનો નોવાક જોગુવિક (Djokovic - Djokovic is pronounced as jaw-guh-vik) યુએસ ઓપન જીતી 2021 ની સાલમાં ઓસ્ટ્રેલીયન ઓપન, ફ્રેંચ ઓપન, વિમ્બલ્ડન જીતી ગયો હોવાથી તેની પાસે Non Calender year Grandslam ખિતાબ છે પણ હવે તે યુએસ ઓપનમાં રશિયન મેડવેદેવ સામે હારી જતા Calender Year Grandslam ખિતાબથી પણ વંચિત રહ્યો.

અત્યાર સુધીમાં ફક્ત પાંચ જ વ્યક્તિ Calender year Grandslam ખિતાબ જીતી શકી છે.

અમેરિકન ડોન બજ - Don Budge, men's singles in 1938

મૌરીન કોનોલી - Maureen Connolly, women's singles in 1953.

રોડ લેવર - Rod Laver, men's singles in 1962 and 1969.

માર્ગારેટ કોર્ટ - Margaret Court, women's singles in 1970.

સ્ટેફી ગ્રાફ - Steffi Graf, women's singles in 1988.

જો જોગુવિક યુએસ ઓપન સ્પર્ધા જીતી ગયો હોત તો છઠ્ઠો Calender Year Grandslam વિજેતા બન્યો હોત. 2021 ની સાલમાં સૌથી વધુ કમનશીબ ટેનિસ સ્પર્ધક હોય તો તે જોગુવીચ છે. તે Goldan Grandslam અને Calender Year Grandslam ખિતાબોથી વંચિત રહ્યો.

જોગુવિક એટલો બધો નાસીપાસ થયો કે તે રડી પડ્યો અને ગુસ્સો ટેનીસ બેટ ઉપર કાઢ્યો. જ્યારે તે ઓલમ્પિકમાં હારી Goldan Grandslam ખિતાબથી વંચિત રહ્યો ત્યાર પહેલા 2020ની સાલમાં યુએસ ઓપનમાં બધા જ ટેનીસ સ્પર્ધકોને હરાવી ફાઈનલમાં જીત્યો હતો, 2021 ની સાલમાં ઓસ્ટ્રેલીયન ઓપનમાં બધા ટેનીસ સ્પર્ધકોને હરાવી ફાઈનલમાં જીત્યો હતો, ફ્રેન્ચ ઓપનમાં બધા ટેનીસ સ્પર્ધકોને હરાવી ફાઈનલમાં જીત્યો હતો, વિમ્બલડન ઓપનમાં બધા ટેનીસ સ્પર્ધકોને હરાવી ફાઈલનમાં જીત્યો હતો અને યુએસ ઓપનમાં બધા ટેનીસ સ્પર્ધકોને હરાવી ફાઈનલમાં પહોંચ્યો હતો અને ફાઈલનમાં હારી ગયો. આવું જ તેની સાથે Calender Year Grandslam પણ થયું. આવું થવું સામાન્ય વાત છે. આવી ફાઈનલ મેચ વખતે વ્યક્તિ માનસિક રીતે ઘણા દબાણમાં હોય છે. સચિન તેંદુલકરને 198 મી અને 199 મી સેન્ચુરી વચ્ચે જેટલો સમય લાગ્યો હતો તેના કરતા ઘણો સમય માટે 199 મી અને 200 મી સેન્ચુરી માટે થયો હતો.

– પ્રિયમુખ પનાલાલ, વડોદરા,

મો. ૯૧૦૬૬ ૨૫૬૪૭

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

# વાતચીત / અભિવ્યક્તિની ભાષા



ગુજરાતી લોકોની વાતચીતમાં અંગ્રેજીનું ચલણ વધતું જાય છે તેવી ઘણા લોકોની ફરિયાદ છે.

બે બંગાળી ભેગા મળે તો બંગાળીમાં વાતચીત કરે, બે મરાઠી ભેગા મળે તો મરાઠીમાં વાતચીત કરે, બે ગુજરાતી ભેગા મળે તો અંગ્રેજીમાં વાતચીત કરે છે. તેવો બળાપો ઠાલવવામાં આવે છે. સામે કેટલાક લોકો એ તર્ક કરે છે કે – ગુજરાતી પ્રજા વેપારી પ્રજા છે. તેથી ધંધાના પ્રસારાર્થે તેઓ ગ્લોબલ ભાષા બોલીને પોતાની ગ્લોબલ છબી ઉપસાવવાના પ્રયત્નો કરે છે! વળી, એવી પણ ફરિયાદ છે કે જુવાનિયાઓ એકબીજા સાથે ઇંગ્લીશમાં જ બોલે છે. તેમને ગુજરાતી બોલવાની શરમ આવે છે.

પ્ર : અંગ્રેજીમાં એવું તે શું છે જે સૌ જુવાનિયાઓને લોભાવે છે ?

જ : અંગ્રેજીમાં અભિવ્યક્તિની સરળતા છે. સામે વાળાને આપણી લાગણી જણાવવી સહેલી પડે છે. 'ફૂલ તુમ્હે ભેજા હૈ ખત મેં, ફૂલ નહિ મેરા દિલ હૈ' એવો પ્રેમનો આડકતરો એકરાર કરવો પડતો નથી. રોકડે રોકડું I love you પરખાવી દેવાની સગવડ છે. સીધીને સટ અભિવ્યક્તિ શક્ય છે.

હિન્દુસ્તાનની એકે ભાષામાં લાગણીની આવી રોકડી અભિવ્યક્તિની શક્યતા નથી. બધી હિન્દુસ્તાનની ભાષાઓમાં ગોળ-ગોળ વાત કહેવી પડે છે. લાગણીઓ 'અભિવ્યક્ત' કરવી પડે છે. મનની દશા સીધે સીધી જણાવી નથી દેવાતી.

"જાણી બૂઝીને અમે અળગા ચાલ્યા, ને છતાં પાળવ અડક્યાનો મને વહેમ છે." – હિન્દુસ્તાની ભાષાઓમાં પ્રેમની આવી વહેમીલી અભિવ્યક્તિ હોઈ શકે. "આંખના ઉલાળે", "પારેવાની પાંખે", "કાળજામાં વાગતી કટારીએ", "ઢળતી પાંપણ", "બિંદિયાની ચમક", "ચૂડીની છનક", "લોંગ કા લશ્કારા", "કાનોંકા ઝૂમકા", "પાંવકી પાયલ", "આંખોકા કજરા" ... જેના થકી પ્રેમ અભિવ્યક્ત કરવો હોય તેનાથી કરો પણ સીધેસીધું I love you ભારતીય ભાષામાં કહેવાની સગવડ નથી. તકલીફ એ છે કે, ક્યારેક આવી આડકતરી અભિવ્યક્તિ રિસ્કી બની જાય છે. ગોટાળો ઉભો થવાની શક્યતા રહે છે. આપણે કહેવા જઈએ કંઈ

અને સામેવાળો સમજે કંઈ, તો ઓડનું ચોડ થઈ જાય. એ હિસાબે અંગ્રેજીમાં ગોટાળો થવાનાં ચાન્સિસ ઓછા છે. કારણકે રોકડું I love you પરખાવી દેવાનું છે. ગેરસમજને અવકાશ નથી. જો પ્રેમની અભિવ્યક્તિ અંગ્રેજીમાં રોકડી છે, તો સાથે બીજી બધી લાગણી પણ સીધી કહીને જ જણાવી દેવાની છે. 'I love you', 'I hate you', 'I am very disappointed' અને 'I am very angry' જેવા લુખ્ખા/સીધા–સટ/રોકડા વાક્ય પ્રયોગો ભારતીય ભાષામાં હોતા નથી પણ અંગ્રેજીમાં બહુ સામાન્ય છે.

દા.ત. પોતાના પિતાથી નારાજ થએલું NRI બાળક, રડતાં–રડતાં પિતાને કહી શકે છે, "I hate you.... I hate you.... I hate you...." આપણે કલ્પનાયે ન કરી શકીએ કે ભારતમાં ઉછરેલું કોઈ બાળક પોતાના પિતાને કહી શકે કે, "હું તમને ધિક્કારું છું."

જે ભાષા I love you કહેવાની સગવડ આપે છે, તેમાં બરછટપણે I hate you કહેવામાં સંકોચ નથી. ભારતીય ભાષાઓમાં 'આ રીતે' પિતાને ધિક્કારવાની છૂટ નથી. અકળાઈને તમે પિતાની સામેથી ખસી જાઓ, બીજા રૂમમાં જતા રહો તો ચાલે. પરંતુ "હું તમને ધિક્કારું છું." કહેવાની તોછડાઈ ન ચાલે.

તે જ રીતે PDA (Public display of affection) – જાહેરમાં પ્રેમની અભિવ્યક્તિની પણ છૂટ નથી. ગમે ત્યારે, ગમે તે ઉંમરે, જાહેરમાં I love you કહીને વેવલાવેડા કરવાની છૂટ આપણે આપણી ભાષા નથી આપતી.

અંગ્રેજીમાં 'અભિવ્યક્ત' તો કરવાનું જ નથી, રોકડું પરખાવી દેવાનું છે. તેથી SMS અને emoticons થી પણ કામ પતી જાય છે. સ્ક્રીન ઉપર વાક્યો ટાઈપ કરીને આપણી લાગણી બીજા સુધી પહોંચાડવાનું સુગમ થઈ જાય છે. આ સરળતાને કારણે વાતચીતમાં અંગ્રેજીનો દબદબો વધતો જઈ રહ્યો છે. Thank you અને Sorryનું પણ એવું જ છે. ભારતીય ભાષામાં આભાર વ્યક્ત કરવો પડે. દુઃખ પ્રકટ કરવું પડે. જ્યારે અંગ્રેજીમાં જીભ હલાવીને લુખ્ખું Thank you અને Sorry કહેવાથી કામ પતી જાય છે.

પ્ર. : તો શું આ સરળતાને લીધે જતે દહાડે વાતચીતમાં માત્ર અંગ્રેજી જ રહેશે ?

જ. : ના. અંગ્રેજીની આવી ચોટડુક અભિવ્યક્તિનો ગેરફાયદો પણ છે. સોળ વર્ષની મુગ્ધાવસ્થાએ પ્રિયતમને I love you કહ્યું હોય તે પછી લગ્નની પચાસમી વર્ષગાંઠે પણ જૂનું પુરાણું I love you જ કહેવું પડે છે. એનું એ ઘસાયેલું–પીટાયેલું

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

I love you બોરિંગ લાગવા માંડે છે. નાનપણમાં માતાને માટે લાગણી પ્રદર્શિત કરવી હોય, યુવાનીમાં પ્રિયતમાને રીઝવવી હોય, પ્રૌઢ ઉંમરે પત્ની પરત્વે સંવેદના પ્રકટ કરવી હોય કે વૃદ્ધાવસ્થામાં પૌત્રને વ્હાલ કરવો હોય. શબ્દો એના એજ રહે છે – I love you.

ભલે શબ્દોને લીધે અભિવ્યક્તિની સરળતા થઈ ગઈ, પણ તે સાથે આપણે વિવિધતા ખોઈ બેઠાં. તેથી નવીનતા ઉમેરવા માટે પૈસા ખર્ચવા પડે છે. હેલીકોપ્ટરમાં બેસીને પ્રપોશ (પ્રેમ નિવેદન) કરવું પડે છે. દારૂના ગ્લાસમાં વીંટી સંતાડીને સરપ્રાઈસ આપવું પડે છે. મોઘી હોટેલમાં જઈને મનપસંદ લાઈવ–મ્યુઝિક પાછળ પૈસા ખર્ચીને પ્રિયતમાને રીઝવવી પડે છે. મોંઘી દાટ ગિફ્ટ આપવી પડે છે... અને અંતે કહેવામાં તો એનું એ ઘસાએલનું–પીટાએલું I love you જ બચે છે. આમ ભાત–ભાતની રીતે રોમાંચ ઉમેરવો પડે છે. તેથી અંગ્રેજીમાં પૈસા વગર પ્રેમની અભિવ્યક્તિ શક્ય બનતી નથી.

આની સામે ભારતીય ભાષામાં પ્રેમ કર્યો હોય તો,

"ધીરે સે જાના ખટીયન મેં, ઓ ખટમલ ધીરે સે જાના ખટીયન મેં",

"મેરા બુલબુલ સો રહ હૈ....",

"સાજનનાં દેશમાં જાજે કબુતર",

"મન મોર બની થનગાટ કરે" ....

પ્રેમ અભિવ્યક્ત કરવા માટે માંકડ, બુલબુલ, કબુતર, મોર કંઈ પણ કામ લાગે. સસ્તામાં પ્રાકૃતિક રીતે અને વિવિધતાથી પતી જાય. અભિવ્યક્ત થઈ જાય.

ઉપરોક્ત કારણથી એમ માની શકાય કે, અંગ્રેજી અભિવ્યક્તિઓ ઝાઝી ચાલશે નહિ. જો ટકશે તો માત્ર પૈસાદાર વર્ગ પૂરતી સીમિત રહેશે. અત્યારે ભલે લાગે કે, અંગ્રેજી હાવી થઈ ગયું. પરંતુ તેનું એકધારાપણું જ તેને લઈ ડૂબશે. પાછું આડકતરી 'દેશી' અભિવ્યક્તિ તરફ વળવું પડશે.

એક દી (પાછો) સન્તુનો ડંકો પણ વાગશે !

તા.ક.: ગુજલીશથી ગભરાવાની જરૂર નથી. તેનું ચલણ મીડિયામાં વધુ છે. સ્ક્રીન કે છાપા પૂરતું જે સીમિત હોય, તેનું સ્વરૂપ સ્થાઈ હોતું નથી. તે કોઈ છાપ છોડ્યા વગર આપમેળે વિલોપ થઈ જશે.

– ડો. સોરમ કોટિયા, વડોદરા
મો. ૯૪૨૬૮ ૦૬૧૫૨

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ – મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

# Effect of Climate Change - 2



The term "**Climate Change**" is known to almost everyone but what exactly it is, only a few people know.

Climate change refers to an extreme change in Global climate conditions, including weather change phenomena, temperature, and sea levels. It is caused by an increased amount of greenhouse gases, mostly from fossil fuel emissions around the world. These gases trap heat in the atmosphere and change weather patterns, warming many areas of the globe and causing irregular season and weather events.

It is a phenomenon that happens because of human and natural reasons. It is one of the most serious problems that not only impact the environment but also human beings. it causes many diseases and disasters that destroy life on earth.

We human beings are so careless, even if we have awareness about these challenges, we seriously ignore them and don't move an inch and don't even care about it. We don't realize the impact all of a sudden, however, day by day, year by year situation getting worse, a day will come whereby we will not have clean air and water because the threshold limits for human tolerance would have already been crossed and we all will be in serious trouble including deaths!!!!

**Green House Effect**

Sunlight passes through the atmosphere and warms the Earth's surface. This heat is radiated back toward space. Most of the outgoing

heat is absorbed by greenhouse gas molecules and re-emitted in all directions, warming the surface of the Earth and the lower atmosphere. The main greenhouse gases are $CO_2$, $CH_4$, CFCs, $O_3$, $N_2O$, $H_2O$ Vapour.

Hence, the emission of greenhouse gases leads to climate change and it leads to global warming.

**Climate Change Direct Effects**

- Increase in Earth's mean temperature
- Frequent drought, irregular monsoon, the disappearance of Himalayan glaciers by 2035
- 30 % drop per capita water availability by 2050
- Decrease in food production
- Water Scarcity

**Climate Change Indirect Effects**

- Change in the root growth
- Change in the C/N ratio of tissues
- Alteration in the nutrient cycles, reduction in the protein and Nitrogen content in some plants, resulting in a loss of quality
- Impact on livestock

Natural activities like volcanic eruption, solar radiation, tectonic plate movement, orbital variations also raise the temperature of the earth to a great extent causing an imbalance in nature.

Many plant and animal species go extinct due to human activity. Human activities that harm the climate include deforestation, using fossil fuel, industrial waste, and many more. All these things damage

the climate and ecosystem very badly.

Although humans mistake has caused great damage to the climate and ecosystem. But, it is not late to start again and try to undo what we have done until now to damage the environment. And if every human starts contributing to the environment then we can be sure of our existence in the future.

## Solutions to prevent climate change

### Be More Conservative with Energy Usage

Becoming more energy efficient is a great way to prevent pollution. It causes the power plants to expend less energy that can lead to the production of greenhouse gasses. Make sure to turn off lights and unplug devices that you are not using anymore when you are done with them. Replace your light bulbs with energy-efficient light bulbs to help you save electricity too.

- **Recycle**

Manufacturing plants emit a large number of greenhouse gasses per year. It is unavoidable in the production of goods that we use on a regular basis. However, a cleaner alternative would be to invest in recycling. Recycling is a cost-effective and eco-friendly process that eliminates waste and doesn’t emit greenhouse gasses into the environment. Be sure to hand over your discarded paper, glass, plastic, and electronics to your local recycling center. The professionals will take these items to a processing plant where they will be remade into other recyclable materials again.

- **Educate Yourself and Others**

You can help protect the planet by educating others about the

dangers of climate change and how to act against it.

- **Encourage the use of renewable energies**

Spread awareness about the importance of renewable energy. Explain to others how renewable energy is better than utilizing fossil fuels

- **Environmental Awareness**

Promote awareness of environmental ethics and environmental laws. The promotion of tourism to Sanctuaries, National Parks, Biosphere Reserves is beneficial for understanding the importance of natural resources. Also, conduct sensitization programs for bureaucrats and politicians.

**Environmental Message to Everyone**

- A clean environment cannot be achieved free of cost. It requires putting a lot of effort.
- Citizens have the responsibility of passing on a reasonably liveable environment to their future generations.
- Remember - citizens are only custodians, not owners of the environment.

**There is no Planet B. Mother Earth is the only planet to live. Let's save our Mother Earth together.**

**- Sejal Parikh**

**Founder-Shreeji InnovEdge Solutions**

**Contact: 9619591746**

**Email: sejalsaurabh74@gmail.com**

સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# લઘુકથા



## કોરોના વોરીયર

સાહેબ આજે શું કરવાનું છે? રાજે તેના સાહેબ ને કહ્યું સાહેબ બોલ્યા – રાજ, આજે તો તું હાજર થયો છે, થોડોક આરામ કર પછી જોઈશું.

કોરોનાની કામગીરી કરતાં કરતાં રાજને પણ ક્યારે તેનો ચેપ લાગ્યો તે રાજને ખબર પણ ન પડી અને એક દિવસ તાવ આવતા તેણે કોરોના રિપોર્ટ કરાવ્યો અને તે રિપોર્ટ પોઝિટીવ આવતાં તે હોસ્પિટલમાં દાખલ થયો. લોકો ના જીવ બચાવવાની મથામણ માં તે પોતે તેનો જીવ બચાવવાથી માંડમાંડ બચ્યો હતો પણ સમાજ સેવા તેના લોહીમાં જાણે વસી ગઈ હતી. નોકરી પર હાજર થતાં વેંત તેણે ફરી થી કોરોના ની કામગીરી કરવાનું મન બનાવી લીધું હતું.

સાહેબે તેને આજે ઓફીસમાં જ બેસાડયો, તેઓ બહાર ચાલ્યા. રાજ વિચાર મગ્ન હતો, તેવામાં તેના પર પુષ્પ વર્ષા થવા લાગી. સાહેબ બોલ્યા આજે અમારો સાચો કોરોના વોરીયર અમને પાછો મળી ગયો, તેનો અમને ખુબ જ આનંદ છે, બ્રેવો.

રાજ આ જોઈને આનંદની લાગણી સાથે ફરીથી વિચાર ની દુનિયામાં ડુબી ગયો.

## આશા

બધાને ચોકલેટ અને બિસ્કીટ મળી ગયા ને? આશા એ પૂછયું. બધા બાળકો એક સાથે બોલી ઊઠયા – હા, ટીચર.

મનોમન રાજીપો વ્યક્ત કરતી આશા બધા બાળકોને જોઈને ખુબ ખુશ થતી. જ્યારથી તે આંગણવાડીની નોકરીમાં જોડાઈ ત્યારથી તે દરેક બાળકને પોતાનું જ સમજતી અને દરેક બાળકનું ખુબ ધ્યાન રાખતી. જાણે હવે તેનું જીવન તે બાળકો જ હતા.

લગ્નના આટલા વર્ષો પછી પણ આશાનો ખોળો ખાલી હતો, માટે તે આ બાળકો ને રમાડીને તેની મમતા બતાવતી હતી.

આવતીકાલે તેને તેનો પ્રેગ્નન્સી રીપોર્ટ કરાવવા જવાનું હોવાથી તે આજે ખુબ ખુશ છે અને તેને આશા છે કે આ વખતે ભગવાન તેની આશા જરૂર પુરી કરશે.

‘દૃષ્ટિ આઈ ક્લિનિક’ – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

ધનાબહેન ગોપાલજી શાહ (માંડવી, કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## છેલ્લો કશ

બેટા દીપક, તું બહાર તારો માવો લેવા જાય છે, તો મારા માટે એક બીડીની ગડી પણ લેતો આવજે ને ... રવજીકાકા ઓટલા પર બેઠા બેઠા બોલ્યા. દિપક કંઈ પણ બોલ્યા વગર બાઈક ચાલુ કરીને ફટાફટ ચાલ્યો ગયો.

લોકડાઉનના સમયમાં રવજીકાકા મોચીકામ માટે નથી જઈ શકતા. ઘરમાં રોટલો ખાવાના ફાંફા છે ને તમને બીડી પીવી છે. રસોડામાં થી કાકી બોલ્યા. હું જઉં છું રાશનનું અનાજ લેવા માટે, બધા લઈ આવ્યા પણ તમે અને તમારો દીકરો માવા અને બીડીમાંથી ઉંચા જ નથી આવતા. તેમ કહી કાકી થેલી લઈને જતા રહ્યા અને રવજીકાકાએ બીડીનો છેલ્લો કશ લગાવ્યો.

**– રિપલકુમાર પરીખ, અમદાવાદ**
**મો. ૯૬૦૧૬ ૫૯૬૫૫**

**શ્રી વાયુદેવતા મંદીર, બાજવાડા, વડોદરા**

શ્રી વાયુદેવતા મંદીર, બાજવાડા, વડોદરાને શ્રીમતિ રૂચિતા પાર્થ (સંજયભાઈ ઈન્દ્રવદનભાઈ) દેસાઈ તરફથી તા. 1/3/2022 થી 28/2/2023 આખા વર્ષના અખંડ દીવાના ઘીની સેવા માટે રૂ. 11001/- પ્રાપ્ત થયેલ છે. સમગ્ર જ્ઞાતિ અને ટ્રસ્ટીગણ આપ સૌનો આભારી છે.

**વિશા વાયડા વણિક પંચ, વડોદરા.**

**અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**
**સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો જોગ**

મહા વદ પાંચમ, તા. ૨૧–૨–૨૦૨૨ના રોજ પાટોત્સવ પ્રસંગે યોજાનાર હવન તથા ધજાજીની ઉછામણી તા. ૧૩–૨–૨૦૨૨, રવિવારે સવારે ૧૧.૦૦ વાગ્યે શ્રી વાયુદેવતાજી મંદિર, અમદાવાદ ખાતે રાખેલ છે. સમસ્ત જ્ઞાતિજનોએ લાભ લેવા વિનંતી.

**– રમેન્દ્ર જે. પરીખ, પ્રમુખ**

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

માનદ્ તંત્રી અને પ્રકાશક

વાયડા મિત્ર, અમદાવાદ

"પૌરાણિક ધાર્મિક ગ્રંથોમાં આવતી અવાસ્તવિક્તા" "વાયડામિત્ર" ડિસેમ્બર 2021 ના અંકમાં આવેલા લખાણ સંબંધે વધુ આવતા અંકેના બદલે, જાન્યુઆરી 2022 ના અંકમાં આવેલ શ્રી પ્રિયમુખભાઈનો જવાબ વાચી આશ્ચર્ય થયું. ફક્ત ટેલિફોન પર નારાજગી કે વિરોધ વ્યક્ત કરવાના બદલે પોતાના વ્યક્તિગત વિચારો, જેમને લખાણના પસંદ હોય તે "વાયડામિત્ર"માં કારણો આપી અન્ય જ્ઞાતિજનને પણ માહિતગાર કરે તે શું વધુ યોગ્ય ના ગણાય ? લખાણ વિશે શંકા કે વિરોધ અંગે લેખકે શરૂઆતમા મુકેલ નોંધ બહુ જ સ્પષ્ટ છે.

આવી આશા વિદ્વાન જ્ઞાતિજનો પાસેથી રાખવી જોઈએ એમ મારું માનવું છે.

મહેશચંદ્ર પરીખ, મુંબઈ
મો. 98333 80937

**શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ**
**ભાદરવા સુદ ૬ ને મહા વદ ૫ ચેરીટેબલ ટ્રસ્ટ**

સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો જોગ,

ઉપર્યુક્ત ટ્રસ્ટ તથા સ્વ. શ્રી ઈન્દુમતીબહેન રમણલાલ શાહ અને સ્વ. શ્રી ચીનુભાઈ આર. શાહ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. શ્રી જેઠાલાલ અચરતલાલ પરીખ અને સ્વ. શ્રી વિદ્યાગૌરી જેઠાલાલ પરીખના સ્મરણાર્થે હસ્તે શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા શ્રી વિનુભાઈ બાલુભાઈ પરીખ અને જયદેવીબહેન વિનુભાઈ પરીખ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. જયંતીભાઈ બાલુભાઈ પરીખ અને સ્વ. મેનાબહેન જયંતીભાઈ પરીખના સ્મરણાર્થે તેમના પુત્ર શ્રી વિપુલભાઈ તરફથી મળેલ કાયમી ફંડમાંથી દર વર્ષની જેમ આ વર્ષએ પણ તા. ૨૧-૨-૨૦૨૨ને સોમવારે, મહા વદ ૫નો હવન થશે. પ્રવર્તમાન પરિસ્થીતી તેમ જ સરકારશ્રીની ગાઈડ લાઈનને અનુલક્ષીને પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવશે. તે અંગેની યોગ્ય જાણ GCVના Whatsapp ગ્રુપમાં કરવામાં આવશે.

**– રમેન્દ્રભાઈ જે. પરીખ, પ્રમુખ**

## અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ મહિલા મંડળ

### સ્નેહ મિલન અહેવાલ

દિવાળી પછી નવા વર્ષની શરૂઆત એટલે બધા ને મળવાની હોંશ હોય તેથી મંડળ દર વર્ષે સ્નેહમિલનનો કાર્યક્રમ યોજે છે. આ વર્ષે આ કાર્યક્રમ તા. 15-12-2021ને બુધવારે યોજવામાં આવ્યો હતો.

શ્રી યમુનાષ્ટક ગાન ગાઈ કાર્યક્રમની શરૂઆત થઈ. ત્યારબાદ પ્રમુખશ્રી જયશ્રીબેને બધાં સભ્યબહેનોનું ઉમળકાભેર સ્વાગત કર્યું અને નવા વર્ષની હાર્દિક શુભેચ્છા વ્યક્ત કરી. આવનાર બધા બહેનો ખુશમિજાજમાં હતાં અને અકબીજાને મળીને શુભેચ્છાઓ વ્યક્ત કરી. ત્યાર બાદ કારોબારી સભ્ય શ્રીમતી શોભનાબેને થોડાક મનોરંજક whatsapp message કહી સંભળાવી બધાને આનંદિત કર્યા. કવિશ્રી હરિન્દ્ર દવેનું ખૂબ જ પ્રચલિત ગીત ફૂલ કહે ભમરાને.... ખૂબ સુંદર રીતે ગાઈ સંભળાવ્યું. બધા એ તેમને તાળીઓથી વધાવી લીધા.

ત્યાર બાદ એક મિનીટની game rubber band ને comb માં ભરાવવાની રમ્યા. સીધીસાદી લાગતી આ રમત પણ રમવાની ખૂબ મઝા આવી. આ રમતમાં શ્રીમતી નીતાબેન આર. શાહે ઈનામ મેળવ્યું હતું. ત્યાર પછી બધાની ઈચ્છાને માન આપી હાઉસીની રમતના બે રાઉન્ડ રમ્યા. એક રાઉન્ડ ઈનામો શ્રીમતી કીર્તિદાબેન પરીખ તરફથી આપવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમ દરમ્યાન મંડળને નીચે મુજબની ભેટ મળી હતી.

1000 રૂપિયા ઈલાબેન શરદભાઈ શાહ U.S.A. તરફથી 75 વર્ષ પૂર્ણ કરવા નિમિતે

1000 રૂપિયા પાયલ રક્ષિતભાઈ પરીખ તરફથી તેમના પુત્રના USAમાં નવા ગૃહ પ્રવેશ પ્રસંગે.

મંડળે તેમનો આભાર માની ભેટ સ્વીકારી.

મંડળ હંમેશા સ્નેહમિલનનો કાર્યક્રમ ટોકન ચાર્જ લઈને full dinner નો યોજે છે. આ વખતે ઠંડીના દિવસો હતા એટલે કાઠિયાવાડી રસથાળનું જમણ રાખ્યું હતું. બધાં એ ખૂબ જ આનંદથી ગરમાગરમ વાનગીઓની મોજ માણી.

અંતે સહુ જય શ્રી કૃષ્ણ કહી વિખરાયા.

– જયશ્રીબેન શાહ, પ્રમુખ
લીનાબેન શાહ, મંત્રી

# Receipts till 25-1-2022

| Receipt No. | Person name | Amout | Towards Which |
|---|---|---|---|
| 152 | Baruch Steel Traders | 600 | Panel Adv. |
| 153 | Satishbhai Vallabhdas Shah | 800 | Panel Adv. |
| 154 | Chandrakantbhai Vishanji Adenwala | 1450 | Panel +Diwali Adv. |
| 155 | Dr. Rohitbhai Jayantilal Shah | 800 | Panel Adv. |
| 156 | Pratikbhai Dipakbhai Zaveri | 800 | Panel Adv. |
| 157 | Sapanbhai K. Shah | 400 | Advertisment |
| 158 | Manisha Trading Corporation | 1500 | Diwali Adv. |
| 159 | Pankajbhai Ramanlal Shah | 1500 | Diwali Adv. |
| 160 | Jayeshbhai Rameshchandra Shah | 1500 | Diwali Adv. |
| 161 | Bankimbhai Chandulal Shah | 3400 | Diwali Adv. |
| 162 | Labh Polymers | 650 | Diwali Adv. |
| 163 | Yogeshwar Diamonds | 3100 | Panel +Diwali Adv. |
| 164 | Parikh Sales | 3000 | Diwali Adv. |
| 165 | Ashwinbhai Laxmidas Shah | 2300 | Panel +Diwali Adv. |
| 166 | Kunal Deisels | 600 | Panel Adv. |

– વ્યવસ્થાપક

## Matrimonial

Name : Ankur Vipulkumar Dalal (Michigan, USA)
Birthdate : 30th January 1993, 1:37 P.M.
Birth Place : Bharuch
Height : 5'8", Weight : 77 kg
Education : Bachelor's in Mechanical Engineering from L. D. Engineering college, Ahmedabad,
Master's in Mechanical Engineering from university of Texas at Arlington, USA
Job : Algorithm engineer at Aptiv PLC (Michigan, USA)
Gynati : Visha Vayda Vaishnav Vanik
Contact : Vipul Dalal : 98240 52232

# જ્ઞાતિ સમાચાર

સમાચાર–સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું. અંક સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે. ગ્રાહક નંબર અવશ્ય જણાવવો.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

૪.) શ્રધ્ધાંજલિ અને જા.ખ **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવા.

૫) ‘વાયડામિત્ર’ માં પ્રસિધ્ધ થતા લખાણોની વૈધાનિક કે સંવૈધાનિક જવાબદારી જે તે લેખકની રહેશે. લેખોના લખાણ, વિચાર કે અભિપ્રાય સાથે તંત્રી સંમત છે એમ માની લેવું નહીં.

## પરીક્ષા પાસ

અમદાવાદ : સાતુષ સમીર પરીખ, ધોરણ - 12 Science, JEE (MAINS) - 99.967 પર્સેન્ટાઈલ ઓલ ઈન્ડિયા રેન્ક - 460, JEE - ADVANCED ઓલ ઈન્ડિયા રેન્ક - 708, IIT - Mumbai - Electrical Engineering માં એડમીશન મેળવેલ છે.

## અવસાન

ગાંધીધામ : ઝવેરબેન લક્ષ્મીદાસ, ઉ.વર્ષ 95 , તા. 1-1-2022

ભૂજ : ગં.સ્વ. સરસ્વતીબેન ઝવેરીલાલ શાહ, ઉ. વર્ષ 95, તા. 7-1-2022

મુંબઈ : જગત દલાલ, તા. 12-1-2022, ઉ. વર્ષ 70

મુંબઈ : અશ્વિનભાઈ જશવંતલાલ મર્ચન્ટ, તા. 16-1-2022, ઉ. વર્ષ - 82





ARCHITECTURE DESIGN
CIVIL WORK
INTERIOR DESIGNING

STRUCTURAL DESIGN
REPAIR WORK
LANDSCAPE DESIGN

AAKASH H. PARIKH
(Structural Engineer, designer)

HARISH N. PARIKH
(CONTRACTOR)

Office Address :- Bhadran Nagar, J2-11, Opposite ram Mandir, Behind N.L.College,S.V.Road, Malad west, Mumbai-400064.
CONTACT US ON 8796811301. Website www.parikhcontractors.com
EMAIL ID parikhcontractors@gmail.com, IG:- parikh_contractors.

## શ્રધ્ધાંજલિ

★★★



**સ્વ. શ્રી જગતભાઈ દલાલ**

જ.તા. ૨૯/૦૯/૧૯૫૨ શ્રીજી ચરણ : ૧૨/૦૧/૨૦૨૨

"ઉમટ્યો અજંપો એને, પંડના રે પ્રાણનો; અણધાર્યો કર્યો મનોરથ દૂરના પ્રયાણનો, અણદીઠેલ દેશ જાવા, લગન એને લાગે; બહુ એ સમજાવ્યું તો યે પંખી નવું પીંજરું માંગે !"

મારો પ્રાણ તો તું સાથે જ લઈ ગયો, હવે આ પ્રાણવિહીન શરીર આ અર્થહીન શુષ્ક દુનિયામાં એક કપાયેલ પતંગની જેમ દિશા વિહીન થઈને આ ભવનો વરતારો પૂર્ણ થાય એની રાહ જોઈ રહ્યું છે. "તું છે તો હું છું" એવું હમેશાં કહેનાર તું જ હતો ને ? તો પછી તે એમ કેમ ધારી લીધું કે તારા વગર હું કેમ રહી શકીશ ??!! ઠાકોરજીને આપણે હમેશ પ્રાર્થના કરતા કે બંનેને સાથે જ એમના ચરણોમાં શરણું મળે, પરંતુ મારા પુણ્ય ઓછા પડ્યા અને ઠાકોરજીએ તને એકલાને જ એમના ચરણોમાં સ્થાન આપ્યું !!! હવે મારા તરફથી ઠાકોરજીને વિનંતી કરજે કે; જેટલા પણ મારા શ્વાસ બાકી છે, ત્યાં સુધી, તારા સ્મરણનો ને આધારે, પરમાર્થ કાજે મારી જિંદગી સાર્થક કરી શકું.

"તારી પાસે છે સાધન સહુએ, તું કા નવ મને બોલાવે,
મને તારી યાદ સતાવે" !!
જલ્દી થી બોલાવશે ને ???

**– તારી જ અટૂલી અર્ધાંગીની,**
**હેમા જગત દલાલ, મુંબઈ, મો. ૯૮૨૦૬ ૮૯૯૮૯**



## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

### RJP Infrastructure Pvt. Ltd.

**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

### J.J. Parikh & Brothers

**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

### J. Bipinchandra & Co.

**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

### J. J. Parikh Pharma Pvt. Ltd.

**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

### Late Shri Jashubhai J. Parikh - Adv.

### Mrugesh J. Parikh – Advocate

**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

### JARUN Pharmaceuticals Pvt. Ltd.

**Pharmaceutical Company**
**Since 2007**
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai – Kokilaben Parikh**
**Harshul – Alpa , Mrugesh - Ratna**
**Bhrita, Darsh, Parita, Darshil**
**Bakul – Nita Dalal**
**Meera – David Burns**
**Chinmay**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Registered under Postal Registration No. MEH-296/2022-2024 valid up to 31st December-2024 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month.
પ્રકાશન ૧૦/૨/૨૦૨૨



## ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

### તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

# PRINTED BOOK

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH